પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૪-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પોર્ન સ્ટાર સાથે જોડાયેલા કેસમાં ટ્રમ્પ પર ૩૪ આરોપ

## મેં એક માત્ર ગુનો કર્યો છે કે જેઓ દેશને નષ્ટ કરવા માગે છે તેમનાથી નિર્ભયતાથી મારા દેશની રક્ષા કરું.": ડોનાલ્ડ ટ્રમ્પ

મેનહટન,

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર મંગળવારે મેનહટનની કોર્ટમાં ૩૪ આરોપો સુનિશ્ચિત કરવામાં આવ્યા. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ સાથે અફેર હોવાના અને તેને ચૂપ કરવા માટે પૈસા ચૂકવવાના કેસમાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે કોર્ટમાં કહ્યું કે તેમણે કોઈ ગુનો કર્યો નથી. તેમજ તેમના બિઝનેસ રેકોર્ડમાં કોઈ વિસંગતતા જોવા મળી નથી. ૫૭ મિનિટની સુનાવણી બાદ ટ્રમ્પ ન્યૂયોર્કથી તેમના ફ્લોરિડાના ઘર 'માર-એ-લાગો' પહોંચ્યા. અહીં તેમણે જનતા અને મીડિયા સમક્ષ ભાષણ આપ્યું હતું. અહીં ટ્રમ્પે કહ્યું, "મેં ક્યારેય વિચાર્યું નહોતું કે અમેરિકાના ઈતિહાસમાં આવું કંઈક થશે. મેં એક માત્ર ગુનો કર્યો છે કે જેઓ દેશને નષ્ટ કરવા માગે છે તેમનાથી નિર્ભયતાથી મારા દેશની રક્ષા કરું."




ટ્રમ્પે કહ્યું, આપણો દેશ નરકમાં જઈ રહ્યો છે. દુનિયા આપણા પર હસી રહી છે. મારી સામે કોઈ નક્કર પુરાવા નથી. લીગલ એક્સપર્ટ્સનું પણ આવું જ કહેવું છે કે કોઈ કેસ કરતું જ નથી. ૨૦૨૪માં થનારી ચૂંટણીમાં દખલ કરવા માટે ખોટો કેસ બનાવવામાં આવ્યો છે. તેને તરત જ નામંજૂર કરી દેવો જોઈએ.ટ્રમ્પે આ ભાષણમાં ન્યૂયોર્ક સુપ્રીમ કોર્ટના જજ જુઆન મર્ચન્ટની દીકરીનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું- સુનાવણી એવા જજે કરી છે, જેઓ મને નફરત કરે છે. જજની પત્ની અને તેનો આખો પરિવાર મને નફરત કરે છે. જજની દીકરી કમલા હેરિસ માટે કામ કરે છે. હવે તેને બાઈડેન-હેરિસ કેમ્પેઈનમાંથી રૂપિયા મળી રહ્યા છે.

દરમિયાન, વ્હાઈટ હાઉસે કહ્યું છે કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો મામલો બાઈડેન માટે મોટો મુદો નથી. ટ્રમ્પની કોર્ટમાં હાજરીને લઈને વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી કેરીન જીન-પિયરે કહ્યું-ટ્રમ્પ પરનો કેસ ચોક્કસપણે હેડલાઈન્સ બનાવશે, પરંતુ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડેનને તેની સાથે કોઈ લેવાદેવા નથી. અમે આ અંગે ટિપ્પણી કરીશું નહીં. આમાં અમારે ધ્યાન કેન્દ્રિત કરવા જેવું કંઈ નથી. રાષ્ટ્રપતિ બાઈડેનનું ધ્યાન અમેરિકન લોકોને મોંઘવારીમાંથી રાહત આપવા પર છે.

ડોનાલ્ડ ટ્રમ્પ કેસની તપાસ કરનાર મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગે કહ્યું - અમે ગંભીર ગુનાને સામાન્ય બનાવી શકતા નથી અને કરીશું નહીં, પછી ભલે તમે કોઈ પણ હોવ, તમારી સામે કાર્યવાહી કરવામાં આવશે. અમે સુનિશ્ચિત કરીશું કે કાયદા સમક્ષ દરેક સમાન છે.

ભારતીય સમય અનુસાર મંગળવારે રાત્રે લગભગ સાડા અગિયાર વાગ્યે ટ્રમ્પે કોર્ટની બહાર સરેન્ડર કર્યું હતું. આ પછી ન્યૂયોર્ક પોલીસે તેને કસ્ટડીમાં લીધા હતા. સીએનએનના અહેવાલ મુજબ, ટ્રમ્પને એક રૂમમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમના ફિંગરપ્રિન્ટ્સ અને ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યાં હતાં. આ કોર્ટ અને પોલીસ રેકોર્ડનો ભાગ બની ગયાં છે. આ પછી તેમને કોર્ટમાં જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.ટ્રમ્પ વિરુદ્ધ આ આરોપો સંબંધિત લૉઅર મેનહટન કોર્ટરૂમમાં સંક્ષિપ્ત દલીલ થઈ હતી, જે દરમિયાન ટ્રમ્પે હશ મની પેમેન્ટ મામલે પોતે દોષિત ન હોવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પને તેમણે ૨૦૧૬ના ચૂંટણી અભિયાન દરમિયાન કથિત રીતે પોર્ન અભિનેતાને કરેલા હશ મની પેમેન્ટથી ઉદ્ભવતા ગ્રાન્ડ જ્યુરી ઈન્ડિક્ટમેન્ટનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રમ્પ વિરુદ્ધ કાર્યવાહીમાં તેમના અંગત, વ્યવસાયિક અને રાજકીય વ્યવહારોની વર્ષોની તપાસ થઈ છે. આ કેસમાં માત્ર વ્હાઈટ હાઉસ માટેની તેમના ચૂંટણી અભિયાન અંગે જ નહીં પરંતુ વોશિંગ્ટન અને એટલાન્ટામાં અન્ય પાસાઓની તપાસ થઈ છે જેમાં હજુ પણ વધુ આરોપો પેદા થઈ શકે છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ સાથે અફેર રાખવા અને તેને પૈસા આપી ચૂપ કરાવવા મામલે સરેન્ડર કર્યું છે. આ પછી ન્યૂયોર્ક પોલીસે તેમને કસ્ટડીમાં લીધા છે. ઝદ્ધદ્ધના રિપોર્ટ અનુસાર, તેમને એક રૂમમાં લઈ જઈને તેમનાં ફિંગરપ્રિન્ટ્સ અને ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યાં. આ કોર્ટ અને પોલીસ રેકોર્ડનો ભાગ બનશે. આ પછી તેમને કોર્ટ રૂમમાં જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

આ પહેલાં ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે આપણે આપણો દેશ પાછો લાવવો પડશે અને અમેરિકાને ફરીથી મહાન બનાવવું પડશે. તેમણે તેમના સમર્થકોને તેમના પ્રમુખપદના પ્રચાર માટે નાણાં દાન કરવા પણ કહ્યું હતું.

મેનહટન કોર્ટમાં સુનાવણી દરમિયાન વીડિયોગ્રાફી પર પ્રતિબંધ રહેશે. સ્ટિલ ફોટોગ્રાફર્સના પાંચ ગ્રુપને કાર્યવાહી શરૂ થાય તે પહેલાં થોડી મિનિટો માટે ફોટોગ્રાફ્સ ક્લિક કરવાની મંજૂરી આપવામાં આવશે. જજ મર્ચેને ચુકાદો આપતા કહ્યું - અમેરિકા માટે આ એક ઐતિહાસિક ક્ષણ હશે જ્યારે પ્રથમ વખત પૂર્વ રાષ્ટ્રપતિ પર ક્રિમિનલ ચાર્જ લગાવવામાં આવશે. આવી સ્થિતિમાં અમે કોઈપણ વિવાદનું જોખમ લઈ શકતા નથી. કોર્ટરૂમમાં કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણને મંજૂરી આપવામાં આવશે નહીં.આ પહેલાં ટ્રમ્પના વકીલોએ કોર્ટમાં સરેન્ડર દરમિયાન વીડિયો કે ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવવાની માગ કરી હતી. કોર્ટને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે - ટ્રમ્પ વિરુદ્ધ ક્રિમિનલ કેસને લઈને દેશમાં પહેલેથી જ સર્કસ જેવો નજારો છે. એવામાં સરેન્ડરનું મીડિયા કવરેજ તેને વધુ ખરાબ કરશે. આવું કરવાથી કોર્ટરૂમની ગરિમા પણ ઘટશે. માર-એ-લાગોથી ટ્રમ્પ ટાવર સુધીના માર્ગમાં ટ્રમ્પના સમર્થકો હાજર રહ્યા હતા. ઘણી જગ્યાએ તેમના સમર્થનમાં બેનર અને પોસ્ટર પણ જોવા મળ્યાં હતાં. ન્યૂયોર્ક પહોંચીને ટ્રમ્પે સમર્થકોનું અભિવાદન પણ કર્યું.

અગાઉ ૩૧ માર્ચે ન્યૂયોર્ક ફિલ્ડ ઓફિસના સિક્રેટ સર્વિસ એજન્ટ્સ શુક્રવારે મેનહટનમાં કોર્ટહાઉસ પહોંચ્યા અને તેમની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. એજન્ટોએ જણાવ્યું હતું કે ફ્લોરિડામાં માર-એ-લાગોથી ન્યૂયોર્કના ટ્રમ્પ ટાવર સુધી ટ્રમ્પને બચાવવા માટે અનેક એજન્ટોની જરૂર પડશે.

## ગુજરાતની તિજોરી ટંકશાળ બની! સ્ટેમ્પ ડયુટી આવક ૫૭ ટકા વધી

ગાંધીનગર,

ગુજરાતમાં આગામી ૧૫મી એપ્રિલ પછી મિલકત જંત્રીદરમાં બદલાવ આવવાનો છે અને જંત્રીદરમાં વધારો થવાનું જાહેર કરાયું છે. ત્યારે રાજયમાં મિલકતનાં રજીસ્ટ્રેશન-દસ્તાવેજ માટે જબરો ઘસારો છે.જેને પગલે રાજય સરકારની આવકમાં ૫૭ ટકાનો મોટો વધારો છે.નવા જંત્રીદર લાગુ થવાને આડે માંડ દસ દિ'બાકી રહ્યા છે. ઉંચા દરથી બચવા તથા વર્તમાન દરે જ રજીસ્ટ્રેશન કરાવવા માટે કેટલાંક દિવસોથી ઘસારો છે.દસ્તાવેજ નોંધણી માટે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં લગભગ તમામ સ્લોટ ફુલ છે આ સ્થિતિમાં સરકારની સ્ટેમ્પ ડયુટી-રજીસ્ટ્રેશન ફીની આવકમાં મોટો વધારો થયો છે.જાન્યુઆરીથી માર્ચનાં ત્રિમાસીક ગાળાની આ આવક ૪૮૭૬ કરોડે પહોંચી છે. ૨૦૨૨ ના આ ગાળાની આવકની સરખામણીએ ૫૭ ટકા વધુ છે.ગુજરાતમાં જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૨ માં ૪,૩૬,૬૬૫ મિલ્કતોની નોંધણી થઈ હતી. તે આ વખતે ૧૮ ટકા વધીને ૫,૧૫,૧૧૬ થઈ છે.આમાંથી ૬૦ તી ૭૦ ટકા હિસ્સો અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જેવા ચાર મહાનગરોનો જ છે.ગુજરાતમાં ૨૦૧૧ પછી જંત્રીદરમાં પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો છે. ગત ૫મી ફેબ્રુઆરીએ સરકારે જંત્રીદર ડબલ કરવાનું જાહેર કરી દીધુ હતું અને તેનો અમલ પણ શરૂ કરી દીધો હતો. પરંતુ આ ઓચિંતા નિર્ણય સામે જબરો વિરોધ થતા ૧૫ મી એપ્રિલ સુધી અમલ મોકુફ રાખી દેવામાં આવ્યો હતો. રાજય સરકારનાં સતાવાર આંકડા પ્રમાણે ૨૦૨૨-૨૩ ના નાણાં વર્ષમાં મિલકત નોંધણીની સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન ફી પેટે ૧૪૩૧૮ કરોડની આવક થઈ હતી તે ૨૦૨૧-૨૨ ની ૧૦૬૧૬ કરોડની આવક કરતાં ૩૪.૮૭ ટકા વધુ હતી. ૧૭ ટકા વધુ દસ્તાવેજ થયા હતા. ૨૦૨૧-૨૨ માં ૧૪૩૨૫૬૯ મિલકત દસ્તાવેજ થયા હતા.તે ૨૦૨૨-૨૩ માં ૧૬૭૫૬૪૮ હતા. ૨૦૨૩-૨૪ માં નાણાં વર્ષમાં ૧૬૭૫૬૪૮ દસ્તાવેજોની નોંધણી થઈ છે અને વાર્ષિક ધોરણે આવક ૩૫ ટકા વધીને ૧૪૩૧૮ કરોડ પહોંચી છે.છેલ્લા ત્રિમાસીક (જાન્યુઆરીથી માર્ચ) ગાળા પર નજર કરવામાં આવે તો ૨૦૨૨ ના આ ત્રિમાસીક સમયગાળામાં સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટે સરકારને ૩૧૦૨ કરોડની આવક થઈ હતી અને આ દરમ્યાન ૪૩૬૬૬૫ દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી હતી તેની સરખામણીએ ચાલુ સાલ ૪૮૭૬ કરોડની આવક થઈ છે અને ૫૧૫૧૧૬ દસ્તાવેજો નોંધાયા છે.

### સરકારની આવક

- ★ વર્ષ --- સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન ફી --- દસ્તાવેજ નોંધણી.
- ★ ૨૦૨૨-૨૩ --- ૧૦૬૧૬ કરોડ --- ૧૪૩૨૫૬૯.
- ★ ૨૦૨૩-૨૪ --- ૧૪૩૧૮ કરોડ --- ૧૬૭૫૬૪૮.
- ★ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨ --- ૩૧૦૨ કરોડ --- ૪૩૬૬૬૫.
- ★ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩ --- ૪૮૭૬ કરોડ --- ૫૧૫૧૧૬.

## ચારધામ યાત્રામાં કોવિડ ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરાશે, યાત્રાના માર્ગો પર આરોગ્યની સારી સુવિધા હશે

દેહરાદૂન,

દેશના ઘણા રાજયોમાં કોરોનાના વધતા જતા સંક્રમણને જોતા રાજયમાં કોવિડ ટેસ્ટિંગ અને રસીકરણનો વ્યાપ વધારવામાં આવશે. આ માટે વિભાગીય અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી છે. ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી કોવિડ માર્ગદર્શિકાનો રાજ્યમાં ચુસ્તપણે અમલ કરવામાં આવશે.



ચારધામ યાત્રા માટે આવતા યાત્રિકોને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે તમામ વ્યવસ્થા સુધારવા વિભાગીય અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી છે. આ સાથે ૧૫ એપ્રિલ પહેલા યાત્રાના રૂટ પર ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફની તૈનાતી સુનિશ્ચિત કરવા પણ કહેવામાં આવ્યું હતું. રાજ્યના આરોગ્ય મંત્રી ડો.ધનસિંહ રાવતે વિધાનસભા સ્થિત ઓફિસ રૂમમાં આરોગ્ય વિભાગની સમીક્ષા બેઠક લીધી હતી.

ડો. રાવતે જણાવ્યું કે દેશના ઘણા રાજ્યોમાં કોરોના સંક્રમણના આંકડા ઝડપથી વધી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોવિડ ટેસ્ટિંગ અને રસીકરણ અભિયાનને ઝડપી બનાવવામાં આવશે. આ સાથે, ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી કોવિડ માર્ગદર્શિકાનો રાજ્યમાં ચુસ્તપણે અમલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે જો જરૂર પડશે તો બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ સહિતના જાહેર સ્થળોએ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવશે, જેથી કોઈ પણ વ્યક્તિ કોરોનાના ચેપની ઝપેટમાં ન આવે. ડો.રાવતે જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૨ એપ્રિલથી ચારધામ યાત્રા પણ શરૂ થવા જઈ રહી છે, જેમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લેશે.

બીજી તરફ ચાર ધામ યાત્રાના માર્ગો પર યાત્રિકોને આરોગ્યની સુવિધા મળી રહે તે માટે વિભાગીય અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. બેઠકમાં, આરોગ્ય મહાનિર્દેશકને ચારધામ યાત્રાના રૂટ પરના તમામ તબીબી એકમો અને અસ્થાયી તબીબી રાહત પોઈન્ટનું નિરીક્ષણ કરવા અને વ્યવસ્થાની સમીક્ષા કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમને ૧૫ એપ્રિલ પહેલા ચારધામ યાત્રા માટે નિષ્ણાંત તબીબો, તબીબો અને પેરામેડિકલ સ્ટાફની તૈનાતી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

## અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન હિસ્સો, ૧૧ સ્થળોના નામ બદલવા મામલે ચીનને અમેરિકાની લપડાક

વોશિંગ્ટન,

ચીને ભારતના અરુણાચલ પ્રદેશમાં ૧૧ સ્થળોના નામ બદલ્યા છે. આ અંગે અમેરિકાએ આકરી પ્રતિક્રિયા નોંધાવી છે. USએ કહ્યું કે અમેરિકા અરુણાચલ પ્રદેશના ભારતીય ક્ષેત્ર પર દાવો કરવાના ચીનના પ્રયાસોનો વિરોધ કરે છે. અમેરિકાએ ચીનને લપડાક આપતા અરુણાચલ પ્રદેશને ભારતનો અભિન્ન હિસ્સો ગણાવ્યો હતો. એક રીતે જોઈએ તો ચીન માટે ભારતીય ક્ષેત્ર પર પોતાનો દાવો રજૂ કરવાનો આ એક પ્રકાર છે. અમેરિકાનું આ નિવેદન ચીનના નાગરિક બાબતોના મંત્રાલય દ્વારા અરુણાચલ પ્રદેશના ૧૧ સ્થળોના નામ બદલવામાં આવ્યા બાદ આવ્યું છે. તેઓએ આ સ્થાનોના નામ ચીની અક્ષરો, તિબેટીયન પિનયિન ભાષાઓમાં બદલ્યા છે. ચીનના મંત્રાલયે રવિવારે ૧૧ સ્થળોના નામની જાહેરાત કરી હતી. બે રહેણાંક વિસ્તારો, પાંચ પર્વત શિખરો, બે નદીઓ અને અન્ય બે વિસ્તારો સહિત ચોક્કસ ગૌણ પણ આપવામાં આવ્યા છે. ચીનની આ કાર્યવાહી બાદ ભારતના વિદેશ મંત્રાલયે પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. ભારતે અરુણાચલ પ્રદેશમાં સ્થાનોના નામ બદલવાના ચીનના પ્રયાસને સંપૂર્ણપણે ફગાવી દીધો હતો. ચીન દ્વારા અરુણાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોના નામ બદલવા અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં ભારતે કહ્યું હતું કે અમે તેને સ્પષ્ટપણે નકારીએ છીએ. અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય અંગ છે અને હંમેશા રહેશે. બદલાયેલા નામો આપવાનો પ્રયાસ કરવાથી આ વાસ્તવિકતા બદલાશે નહીં. જોકે આ પહેલીવાર નથી જ્યારે ચીને આવો પ્રયાસ કર્યો હોય. ચીને અગાઉ પણ અરુણાચલ પ્રદેશના વિસ્તારોના નામ બદલ્યા છે.

## બારામુલ્લામાં લશ્કર-એ-તૈયબાના ૨ આતંકવાદી પોલીસ કસ્ટડીમાંથી ફરાર, એલર્ટ જાહેર

જમ્મુ,

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે બુધવારે લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓ ફરાર થઈ ગયા છે. ઉત્તરી કાશ્મીરના બારામૂલામાં પોલીસ કસ્ટડીમાંથી લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદી ફરાર થઈ ગયા છે. ફરાર થઈ ગયેલા આતંકવાદીઓના નામ મારુફ નજીર સોલેહ અને શાહિદ શૌકત બાલા છે.

આ બંને આતંકવાદી બારામૂલામાં શરાબની દુકાન પર થયેલા હુમલાની ઘટનામાં સંડોવાયેલા હતા. પોલીસે આ બંને આતંકવાદીઓની ધરપકડ કરી હતી અને તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, બંને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરી રહ્યા હતા.

મારુફ નજીર સોલેહ અને શાહિદ શૌકત બાલા નામના બંને આતંકવાદીઓ ફરાર થયા બાદ સમગ્ર કાશ્મીરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. ઘાટીમાં પોલીસ અને તંત્ર બંને સતર્ક મોડમાં છે.

આ મામલાની ગંભીરતા અને પોલીસની બેદરકારીને ધ્યાનમાં રાખી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તંત્રએ ૪ પોલીસકર્મીઓ સસ્પેન્ડ કરતા સમગ્ર મામલાની તપાસનો આદેશ આપ્યો છે.

### ચારધામ યાત્રા પહેલા JBSSએ ધમકી ઉચ્ચારી

## જો NTPCનો પ્રોજેક્ટ બંધ નહીં થાય, તો બદ્રીનાથ રોડ પર ટ્રાફિકને અટકાવી દેવાશે

દહેરાદુન,

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રાની શરૂઆત પહેલા જ જોશીમઠ બચાવો સંઘર્ષ સમિતિ (જેબીએસએસ)એ સરકારને ચેતવણી આપી છે. જોશીમઠ બચાવો સંઘર્ષ સમિતિ એ જોશીમઠમાં ચાલી રહેલા દ્વૂંઝ પ્રોજેક્ટને તાત્કાલિક રોકવાની માંગ કરી છે. આમ કરવામાં સરકાર નિષ્ફળ રહેશે તો સમિતિને ચાર ધામ યાત્રા દરમિયાન બદ્રીનાથ રોડ પર ટ્રાફિકને અટકાવી દેવાની ફરજ પડશે. સમિતિએ સ્પષ્ટ કહ્યું છે કે આવી સ્થિતિ માટે રાજ્ય સરકાર સીધી રીતે જવાબદાર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં ૨૭ એપ્રિલથી બદ્રીનાથ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે.

સમિતિએ કહ્યું કે જોશીમઠ દુર્ઘટનાને બે મહિના થઈ ગયા છે. પરંતુ સ્થિતિ યથાવત્ છે. એનટીપીસીના તપોવન વિષ્ણુગઢ હાઈડલ પ્રોજેક્ટ ઉપરાંત હેલાંગ બાયપાસ રોડ પર કામ ચાલી રહ્યું છે. સમિતિના ગ્રૂપ કન્વીનર અતુલ સતીએ જણાવ્યું હતું કે, જોશીમઠને બચાવવા માટે સમિતિ સતત આ બાબતને સરકાર અને તંત્ર સમક્ષ ઉઠાવી રહી છે. એનટીપીસી પ્રોજેક્ટ બંધ કરવા તલાટીથી લઈને મુખ્ય પ્રધાન સુધી માંગણીઓ કરવામાં આવી હતી. આમ છતાં હજુ સુધી કામ અટક્યું નથી.

તેમણે કહ્યું કે તેમના જૂથ વતી અહીં ૩૦૦૦ થી વધુ પરિવારોનું પુનર્વસન કરવાની માંગ કરવામાં આવી હતી. જ્યારે સરકારે માત્ર ૩૦૦ પરિવારોને વિસ્થાપિત કર્યા છે. તેમણે કહ્યું કે જોશીમઠના ગ્રાઉન્ડ રિપોર્ટ પર વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવ્યો છે. એનડીએમએને રિપોર્ટ સોંપવાની સતત માંગ કરી છે. આ અહેવાલ સાર્વજનિક થયા પછી, તે વિસ્થાપિતો માટે રાહત પેકેજ નક્કી કરવામાં મદદ કરશે. જણાવી દઈએ કે કર્ણપ્રયાગ અને તેની આસપાસના વિસ્તારોના રહેવાસીઓ સતત ફરિયાદ કરી રહ્યા છે કે એનટીપીસીના કામને કારણે, તેમના ઘરમાં પણ સતત તિરાડો પડી રહી છે.



સ્થાનિક લોકો સતત તપોવન પ્રોજેક્ટ બંધ કરવાની માંગ કરી રહ્યા છે. આ સાથે પહાડો કાપવા અને વિસ્ફોટ કરવાના મામલા પર પ્રતિબંધ મુકવાની માંગણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, જોશીમઠ દુર્ઘટનાનો મામલો ત્રણ મહિના પહેલા સામે આવ્યો હતો. જમીન અને મકાનોમાં એટલી બધી તિરાડો પડી ગઈ હતી કે લોકોને અહીંથી વિસ્થાપિત થવું પડ્યું હતું. સ્થાનિક લોકોએ આ ઘટનાઓ માટે રાજ્ય સરકારને જવાબદાર ગણાવી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સરકારે આયોજન વિના બાંધકામ શરૂ કર્યું હતું, જેના કારણે પાણી લીકેજ થવા અને તિરાડોના બનાવો બન્યા હતા. જેના કારણે હજારો લોકોના જીવ જોખમમાં મુકાયા હતા.

## ગૌતમ અદાણી ફરી વિવાદોમાં સપડાયા, હિંડનબર્ગ દ્વારા ઉલ્લેખ કરાયેલી કંપનીના અદાણી દ્વારા ઉપયોગના આક્ષેપ થયા

નવીદિલ્હી,

હિંડનબર્ગના રિપોર્ટ બાદસંકટમાં મુકાયેલા અદાણી ગ્રુપની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. હવે અદાણી ગ્રુપ પર નવા આરોપ લાગ્યા છે. આ આરોપો કોલસાની ખાણની હરાજી સાથે સંબંધિત છે. સૂત્રો અનુસાર ગયા મહિને અદાણી ગ્રુપે સરકાર દ્વારા આયોજિત કોમર્શિયલ કોલસાની ખાણની હરાજીમાં ભાગ લીધો હતો. આ દરમિયાન અદાણી જૂથે ચાર કોલ બ્લોકની હરાજી જીતી હતી. આ સિવાય બિડર્સમાં અન્ય એક કંપની કેવિલ માઈનિંગ પ્રાઈવેટ લિમિટેડ પણ હતી. કેવિલ માઈનિંગ એ એડિકોર્પ એન્ટરપ્રાઈઝિસના મુખ્ય પ્રમોટર પણ છે. તે એક નાની કંપની છે જેનો હિંડનબર્ગે તેના અહેવાલમાં આરોપ મૂક્યો હતો. હિન્ડેનબર્ગના જણાવ્યા અનુસાર આ કંપનીનો ઉપયોગ અદાણી કંપનીઓ વચ્ચેના ફંડને ચેનલાઈઝ કરવા માટે કરવામાં આવ્યો હતો.

રિપોર્ટ મુજબ એડિકોર્પ અને કેવિલ માઈનિંગનું સ્થાન અમદાવાદમાં છે અને તેના પ્રમોટર ઉત્કર્ષ શાહ છે. તાજેતરમાં શાહે ગૌતમ અદાણીની જીવનકથાનું વિમોચન કરવામાં આવેલ કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. ઉત્કર્ષ શાહના કેવિલ માઈનિંગમાં ખાણકામનો અગાઉનો કોઈ અનુભવ નહોતો પરંતુ તે મધેરી બ્લોકના ઉત્તર પશ્ચિમમાં ખાણકામના અધિકારો માટે સ્પર્ધામાં હતો. કેવિલ માઈનિંગની ભાગીદારીને કારણે, મધેરી બ્લોકની હરાજી સફળતાપૂર્વક પૂર્ણ થઈ. કોલસા મંત્રાલયના નિયમો અનુસાર, કોમર્શિયલ ખાણની હરાજી પ્રથમ પ્રયાસમાં જ માન્ય ગણાય છે જો ત્યાં ઓછામાં ઓછા બે બિડર્સ હોય છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એમ. ડી.જે. ચાવડા
તરફથી અભીનંદન....
મુ. તરખંડા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હાલોલ તા.ખ.વે. સંઘ
તરફથી અભીનંદન....
મુ. તલાવડી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલસીનોર પાલિકામાં સમાવિષ્ટ નવાપુરા ગામની પીવાના પાણીની સમસ્યાની રજુઆત માટે ગયેલ મહિલાઓ ઉશ્કેરાઈ પાલિકામાં તોડફોડ કરી

## પીવાના પાણીની સમસ્યાની રજુઆત સાંભળવા અધિકારી હાજર ન મળતાં મહિલાઓ ઉશ્કેરાઈ






બાલાસીનોર, મહિસાગર જીલ્લાના બાલાસીનોર પાલિકામાં સમાવિષ્ટ નવાપુરા ગામ છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની સમસ્યા હોય પાલિકાને અનેક રજુઆત છતાં પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ રહેતા આજરોજ મહિલાઓ પાલિકા કચેરી પહોંચી હતી અને જવાબદાર અધિકારી નહિ મળતાં ઉશ્કેરાયેલ મહિલાઓ દ્વારા પાલિકા કચેરીમાં તોડફોડ કરવા આવતાં પોલીસે દોડી આવી મામલો સંભાલી લીધો હતો.

બાલાસીનોર નગર પાલિકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ નવાપુરા ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની સમસ્યા હોય નવાપુરા ગામના સ્થાનિકા દ્વારા અવારનવાર લેખિત અને મૌખિક રજુ કરવામાં આવી હોય તેમ છતાં પાલિકામાં સમાવિષ્ટ નવાપુરા ગામની પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ કરવામાં આવ્યો ન હોય જેને લઈ નવાપુરા ગામની મહિલાઓ આજરોજ બાલાસીનોર પાલિકા કચેરીમાં રજુઆત માટે પહોંચી હતી. પીવાના પાણીની સમસ્યાથી પરેશાન મહિલાઓ પાલિકા કચેરીએ જતા કચેરીમાં કોઈ જવાબદાર અધિકારી કચેરીમાં હાજર ન હોય જેને લઈ રજુઆત માટે પાલિકા કચેરી ખાતે ગયેલ મહિલાઓ ઉશ્કેરાઈ ગઈ હતી અને પાલિકા કચેરીમાં તોડફોડ કરી પાલિકા કચેરીને બાનમાં લેતા મહિલાઓને ઉશ્કેરાઈ જોઈને પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ પાલિકા કચેરી ખાતે આવીને મામલો થાળે પાડયો હતો. પાલિકામાં મહિલાઓ દ્વારા તોડફોડની જાણ થતાં પાલિકા સ્ટાફ પણ કચેરીમાં દોડી આવ્યા હતા.

# મહીસાગરના વીરપુરમાં ટ્રાફિક સમસ્યા વકરી



મલેકપુર, વીરપુર બસ સ્ટેન્ડ સામે વીરપુર લીમડીયા મુખ્ય માર્ગ પર જાણે કોઈ બાઈકનો શો રૂમ હોય તેમ આડેધડ બાઈકો પાર્ક કરી દેવાય છે. બસ સ્ટેન્ડની અંદર પણ ફોરવ્હીલર ગાડીઓનો શો રૂમ બની ગયો છે. અંદર પાન-મસાલા અને રસની લારીઓએ માજા મૂકી છે. ત્યારે એસટી પ્રવેશદ્વાર પર અવરજવર કરતા રાહદારીઓને ઘણી હાલાકી વેઠવી પડે છે. પ્રવેશદ્વાર પર પાકી દુકાનોના માલિકોએ પોતાના બળબુતા પર દબાણ થતા અડચણરૂપ દુકાનોને કારણે બસને રિવર્સ લેવી પડતા ટ્રાફિક સમસ્યા સર્જાય છે. સ્ટેન્ડ પાછળ પણ ગંદકીના ઢગ ખડકાયેલા છે. આ બદબુદાર ગંદકથી મુસાફરોનું સ્વાસ્થ્ય જોખમાય તો નવાઈ નહિ. આ બાબતે બે દિવસ પહેલા છાપામાં અહેવાલ પ્રસારિત થયેલો છતાંય પરિસ્થિતિ જેસે થે, હોતી હૈ ચલતી હૈ, ના નારા સાથે મનમાની કરતા તંત્રના જવાબદાર વીરપુર કંટ્રોલર એસ ટી.વિભાગના બાબૂના પેટનું પાણી પણ હલતું નથી, શું એસટી વિભાગ દ્વારા વાહન પાર્કિંગ માટે ટેક્સ ઉઘરાવાય છે કે કેમ ?? પરમિશન આપવામાં આવેલ છે કે કેમ ?? તેવા પણ અવનવા સવાલો ઉભા થાય છે.

# સંતરામપુર નગર પાલિકા હોલમાં બીજેપીની આગામી કાર્યક્રમોની બેઠક યોજાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, આવનાર કાર્યક્રમો માટેની મંડલ બેઠક સંતરામપુર નગર પાલિકા હોલ ખાતે યોજાઇ હતી. જેમાં પાર્ટી સ્થાપના દિવસ, બુથ સશકિતકરણ અભિયાન, રાષ્ટ્રપતિ અભિભાષણ, જ્યોતિબા ફુલે જન્મ જયંતી, ડો.ભીમરાવ આંબેડકર જયંતિ,૧૦૦ મી માન કી બાતનું આયોજન, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, સુપોષણ અભિયાન ભાગ-૨ અને મિલેટયર તેમજ સોશિયલ મીડિયા બાબતે માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ બેઠક માં મોરવા હડફ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી નિમીષાબેન સુથાર, મહામંત્રી રાવજીભાઈ પટેલ, મંડલ પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, જિલ્લા એસ.સી. અને એસ.ટી. મોરચાના પ્રમુખો દીપકભાઈ ચાવડા, ભરતભાઈ પારગી, તાલુકા પંચાયત ઉપાધ્યક્ષ ભરતસિંહ ખાંટ, મહામંત્રીઓ સંજયભાઈ પટેલ, નીતિનભાઈ રાણા, મંડલ પદાધિકારીઓ, શકતિ કેન્દ્ર સંયોજક, શક્તિ કેન્દ્ર પ્રભારી, બુથ પ્રમુખ હાજર રહ્યા હતા.

# મહિસાગર જિલ્લામાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ (nios) પરીક્ષા પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામુ

મહિસાગર, આગામી તા.૦૬-૦૪-૨૦૨૩ થી તા.૦૬-૦૫-૨૦૨૩ સુધી મહિસાગર જિલ્લામાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલિંગ પરીક્ષા યોજાશે. જિલ્લાના પી.વી.વિદ્યાલય બાલાશિનોર કેન્દ્ર ખાતે પરીક્ષા કેન્દ્ર ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શિતા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આગામી તા.૦૬-૦૪-૨૦૨૩ થી તા.૦૬-૦૫-૨૦૨૩ દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પરીક્ષાના દિવસે ૧૧-૦૦ કલાકથી સાંજના ૦૭-૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર પ્રતિબંધ છે. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય અનઅધિકૃત વ્યકિતના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનીક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક, લાઉડ સ્પીકર,ડી.જે.સાઉન્ડ વગાડવા પર પ્રતિબંધ છે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાપાત્ર છે.

# શહેરા સહિત સમગ્ર જિલ્લામાં ગુરૂવારના રોજ હનુમાન જયંતી ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરશે

શહેરા, શહેરા નગર અને તાલુકામાં આવેલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતીને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જ્યારે ગુરૂવારના રોજ સીતારામ પરિવાર દ્વારા હનુમાનજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવવા સાથે મંદિર ખાતે મોટી સંખ્યામાં ભકતો દાદાના દર્શને ઉમટી આવશે. શહેરા સહિત સમગ્ર જિલ્લામાં ગુરૂવારના રોજ હનુમાન જયંતી ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. જ્યારે નગર વિસ્તારમાં સીતારામ પરિવાર દ્વારા હનુમાનજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવવા સાથે ભંડારો રાખવામાં આવ્યો છે. જ્યારે તાલુકાના જુની વાડી ગામ ખાતે આવેલ હનુમાનજી મંદિર ખાતે પણ હનુમાન જયંતીને લઈને ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામા આવેલ હોવાથી હનુમાન દાદાના ભક્તો દ્વારા અત્યારથી જ મંદિરને રોશનીથી શણગારવા સાથે તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. પૌરાણિક હનુમાનજી મંદિર ખાતે ગુરૂવારના રોજ સુંદરકાંડ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું છે. નગર અને તાલુકામાં આવેલા હનુમાનજીના વિવિધ મંદિરો ખાતે આજે હનુમાનજીના ભક્તોની દર્શનાથે ભીડ જોવા મળવા સાથે સુંદરકાંડ અને હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

# હાલોલ ગોધરા રોડ ખાતે હિમાલી એપાર્ટમેન્ટ પાસે ભૂગર્ભ ગટરનાં ઢાકણાં વારંવાર તૂટતાં અકસ્માતનો ભય



હાલોલ, હાલોલ ખાતે ભૂગર્ભ ગટર યોજનાનું કામ કરવામાં આવ્યું છે. જેમાં શહેરના ગોધરા રોડ વિસ્તારમાં આવેલ હિમાલી એપાર્ટમેન્ટ પાસે ટ્રાફિક હોવાના કારણે ગટરના ઢાંકણા વારંવાર તૂટી જાય છે અને ખાડા પડી જાય છે. ઉલ્લેખનીય છે કે, તાલુકા પંચાયત કચેરી પાસે મેઈન રોડ પર પણ ગટરના ઢાંકણ તૂટી જવાથી ખાડો પડી ગયેલ છે. આંમ, અલગ અલગ વિસ્તારના ગટરના ઢાંકણ તૂટવા થી ખાડા પાડવાને કારણે જાહેર માર્ગ પર અકસ્માતનો ભય રહે છે. તો તંત્ર દ્વારા ક્યારે તેનો કાયમી ઉકેલ આવશે.?

# શહેરાના સાજીવાવના બુટલેગર્સને પાસા હેઠળ કચ્છ-ભુજ જેલમાં મોકલાયો



શહેરા, શહેરા તાલુકાના સાજીવાવ ગામના લીસ્ટેડ બુટલેગર્સ વિરૂદ્ધ શહેરા પોલીસે પાસાની દરખાસ્ત કરતાં મેજીસ્ટેટ દ્વારા પાસાની દરખાસ્ત મંજુર કરી કચ્છ-ભુજ જેલમાં મોકલી આપવાના આદેશ સાથે પોલીસે બુટલેગર્સને ઝડપી જેલમાં મોકલી આપવામાં આવ્યો. શહેરા તાલુકાના સાજીવાવ ગામના બુટલેગર્સ પ્રવિણભાઈ કાભસિંહ પટેલ વિરૂદ્ધ શહેરા પોલીસ મથકે વિદેશી દારૂ રાખવા-વેચવા અને હેરાફેરીના ૩ જેટલા ગુન્હાઓ નોંધાયેલ હોય ત્યારે દારૂના દુષણતા દુર કરવા બુટલેગર્સ વિરૂદ્ધ શહેરા પોલીસે પાસની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટેટને મોકલી આપતાં જીલ્લા મેજીસ્ટેટ દ્વારા પાસાની દરખાસ્ત મંજુર કરી પાલાસ ખાસ જેલ કચ્છ-ભુજ ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. અને નાસતો ફરતો હોય એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે પ્રવિણભાઈ પટેલની ધરપકડ કરી પાસા હેઠળ કચ્છ-ભુજ મોકલી આપવામાં આવ્યો છે.

# કાલોલનો યુવક વોટ્સએપ મેસેજ કર્યા બાદ નર્મદા કેનાલ પર એક્ટિવા છોડી ગુમ થયો

કાલોલ, કાલોલનો યુવક નર્મદા મુખ્ય કેનાલ પર એક્ટિવા છોડી ગુમ થતાં વિધવા માતા લાપતા બનેલા પુત્ર અંગે શંકાથી નિઃસહાય થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

વિધવા માતાએ દાખલ કરેલી ફરિયાદ મુજબ તેમનો ૨૨ વર્ષિય દિકરો અભિષેક નિલેશભાઈ મહેતાએ એક્ટિવા લઈને આવુ છે તેમ કહીને ઘરેથી નીકળી ગયો હતો. પરંતુ તેની મમ્મીએ તેના ઉપર ફોન કરતા એકેય ફોન ઉપાડ્યો ન હતો. તદ્ઉપરાંત અભિષેકના વોટ્સએપ પર પણ મેસેજ કર્યો હતો. પરંતુ તેનો પણ કોઈ જવાબ આવ્યો ન હતો. જે પછી અભિષેકે છેક સાંજે વોટ્સએપ પર મેસેજથી જણાવેલ કે, એક્ટિવા બોરૂ કેનાલ પર છે. મારી રાહ ના જોતી હું ઘરે નહિ આવુ, બોરૂ કેનાલ પરથી એક્ટિવા લઈ જજે ચાવી એક્ટિવા આગળ જ મુકીને જાઉ છુ. બાય મમ્મી તેવા મમ્મીના મોબાઈલ ઉપર મેસેજ કરી જણાવતા દિકરાની ચિંતા થતાં ફળિયાના જગદીશ પરમારની મોટરસાયકલ ઉપર બેસીને બોરૂ કેનાલ પર ગયા હતા. જયાં એક્ટિવા પડેલુ મળી આવ્યુ હતુ. જેથી અભિષેકની તપાસ કરેલ પણ આવ્યો ન હતો. જે સમગ્ર ઘટના અંગે માતાએ કાલોલ પોલીસ સ્ટેશનમાં કરેલી જાહેરાત મુજબ અભિષેકે ગુલાબી ટી-શર્ટ તથા જીન્સનો ભુરા કલરનો પેન્ટ પહેરેલ છે. અને જે શરીરે ઘઉં વણો અને પાતળા બાંધાનો હોય ગળામાં તથા જમણા હાથ કાંડા ઉપર ટેટુ કોતરાવેલ હોવાની વિગતો અનુસાર મારો છોકરો ઘરેથી કોઈપણ કારણોસર કંઈ પણ કહ્યા વગર બોરૂ કેનાલ ઉપરથી ગુમ થયો છે. એવી જાણવા જોગ ફરિયાદને આધારે પોલીસે લાપતા અભિષેકની શોધખોળ આદરી હતી.

# પંચમહાલ જીલ્લામાં ગોધરા શહેરમાં બે અને મોરવા(હ)ના વંદેલીમાં એક મળી ત્રણ બાઈકો ચોરીની ફરિયાદ નોંધાઈ

ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં બે મોટર સાયકલ તેમજ મોરવા(હ)ના વંદેલી ગામેથી બાઈક મળી ત્રણ બાઈક ચોરીની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વ્હોરવાડ કોટેજ આંબલી ફળીયા વિમાનવાળાના બંગલા પાસેથી હબીબ નાજની સાનીયાવાલાની બાઈક નં.જીજે.૨૩.ડીએ.૮૬૧૬ કિંમત ૧૫,૦૦૦/-રૂપીયાની અજાણ્યા ચોર ઈસમ ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ.

ગોધરાના કાછીઆવાડ રૂપલ માતાના મંદિર ખાંચા માંથી પારસરામ વિરાજી પ્રજાપતિની બાઈક નં.જીજે.૧૭.૪૯૩૨ની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ.

જ્યારે મોરવા(હ)ના વંદેલી ગામે રહેતા મુકેશભાઈ ભલાભાઈ ગોચરાની બાઈક નં.જીજે.૧૭.બીએસ.૮૨૦૮ની ઘર આંગણે પાર્ક કરેલ બાઈકની ચોરી થઈ જતાં મોરવા(હ) પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવા પામી છે. પંચમહાલ જીલ્લામાં બાઈક ચોર ગેંગ સક્રિય થઈ હોય ત્યારે પોલીસ આવા વાહન ચોરોને ઝડપી પાડે તે જરૂરી છે.

# ગોધરા એલ.સી.બી.પોલીસે ચોરીના મોબાઈલ અને બાઈક સાથે ઈસમને ઝડપ્યો



ગોધરા, ગોધરા એલ.સી.બી. પોલીસે ચોરીના મોબાઈલ ફોન અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ બાઈક મળી કુલ ૬૮ હજારના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વર્ધમાન હોટલ પાસેથી રાહદારી વ્યકિત પાસેથી ચોરી કરેલ મોબાઈલ ફોન ચોરી કરવામાં નિકુંજ જયસંવસિંહ ચૌહાણ (રહે. સાંપા. તા.ગોધરા) સંડોયલ છે અને ચોરીના મોબાઈલ ફોન સાથે નિકુંજ ચૌહાણ બાઈક નંબર જીજે.૧૭.સીપી.૪૦૮૨ લઈને વેચવા ફરે છે અને રવિ કોર્પોરિશન પાસે ઉભેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે કિંમત ૬૮,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

# જાંબુઘોડા-બોડેલી નવા રસ્તાની કામગીરી અધુરી મુકતા બિસ્માર

જાંબુઘોડા, જાંબુઘોડાથી બોડેલીનો એક મહિના પહેલા નવો બનેલો રસ્તો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. જાંબુઘોડાથી બોડેલીનો રોડ મહિના પહેલા બન્યો હતો પરંતુ હોળીનો તહેવાર આવતા મજુરો જતા રહેલા હતા. પરંતુ એક માસ વિતવા છતાં કામ ચાલુ થયેલ નથી. આ રોડ ઉપર પોલીશ કરવાની બાકી હોવાને કારણે કેટલીક જગ્યાએ કપચી નીકળી ગયેલ છે. રોડ ઉપર ખાડા પડી જવા પામ્યા છે. આ અંગે કોન્ટ્રાકટરના સુપરવાઈઝરને પુછતા એવુ જણાવી રહ્યા છે કે,મજુરો તહેવાર કરવા ગયા છે. આવશે ત્યારે આ રોડની પોલીશનુ કામ ચાલુ થઈ જશે. જો રસ્તા પર પોલીશની કામગીરી શરૂ નહિ થાય તો થોડાક જ દિવસમાં રસ્તો હતો ન હતો થઈ જશે. જેથી માર્ગ મકાન ખાતાના અધિકારીઓ વહેલી તકે આ રસ્તો કોન્ટ્રાકટરને જણાવી પુર્ણ કરાવે તે જરૂરી છે. વધુમાં રસ્તો બનાવવા હલકી ગુણવત્તાનુ મટીરીયલ્સ વાપરવામાં આવ્યુ હોવાની આસપાસના રહિશો દ્વારા આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

# હાલોલના ભરોણા ગામે ૩૫ વર્ષીય યુવાને ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયો

હાલોલ, હાલોલ તાલુકાના ભરોણા ગામે રહેતા ૩૫ વર્ષીય યુવાને કોઈ અગમ્યકાણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના ભરોણા ગામે શ્રીજી ઈલેકટ્રીક સામે રહેતા મનોજભાઈ બાબુભાઈ નાયક ઉ.વ.૩૫ એ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી ગયેલ હોય જેને દવા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# આપની આજ.......

મેષ : આજે તમારે બિનજરૂરી ખર્ચાથી બચવું જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડાતા હોવ તો પીડા વધી શકે છે, તેથી ડૉક્ટરની સલાહ લો. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ આવી શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ છે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે અને વાતાવરણ સુખદ રહેશે. કાર્યક્ષેત્રમાં તમારા અધિકારો અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના કલ્યાણનો વિચાર કરશો અને દિલથી સેવા પણ કરશો.

મિથુન : આજે તમને સરકાર તરફથી સન્માન મળે તેવી શક્યતા છે. જો તમે કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન લેવા માગતા હોવ તો આજે ના લો, નહીં તો મુશ્કેલી સર્જાશે.

કર્ક : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતનું ફળ સારું રહેશે. તમારા બાળક પર તમારો વિશ્વાસ મજબૂત થશે. આજે માતા તરફથી પ્રેમ અને વિશેષ સહયોગ મળવાની સંભાવના છે.

સિંહ : આજે તમે કામને લઈને ખૂબ વ્યસ્ત રહેશો. ખૂબ ભાગદોડમાં સાવચેત રહો, પગમાં ઈજા થવાનો ભય રહે છે. તમે તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ મેળવી શકો છો. અટકેલા કામો પૂર્ણ થશે.

કન્યા : આજે તમારું મન પરેશાન રહી શકે છે. વ્યાપાર વૃદ્ધિ માટે કરવામાં આવેલા પ્રયત્નો વધારે સારા પરિણામ આપશે નહીં. જો રાજ્યમાં કોઈ ચર્ચા પેન્ડિંગ છે, તો તેમાં સફળતા મળવાની દરેક શક્યતા છે.

તુલા : આજનો દિવસ મિશ્ર ફળદાયી છે. માનસિક અશાંતિના કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના સહયોગ અને આશીર્વાદથી રાહત મળશે અને કામ ફરી ધીમે ધીમે આગળ વધશે. વેપારી વર્ગ માટે નવી યોજનાઓ પૂર્ણ કરવા માટે આ સમય સારો છે.

વૃશ્ચિક : આજે તમારામાં દાનની ભાવના વિકસિત થશે. ધાર્મિક વિધિઓમાં રસ લઈને સંપૂર્ણ સહકાર આપશે. તમને નસીબનો પણ સંપૂર્ણ સહયોગ મળશે, આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. તમે ઘરની સુખ-સુવિધાઓ પર ધ્યાન આપશો અને તમારા જીવનસાથીની સંગત તમને માનસિક શાંતિ આપશે.

ધન : આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને તમે તમારા મુશ્કેલ કાર્યોને હિંમતથી પૂર્ણ કરી શકશો. તમારી યોજનાઓથી ધંધામાં ધન લાભ થશે. માતા-પિતાનું સુખ અને સહકાર પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થશે.

મકર : લાંબા સમયથી અટકેલા બાળક સંબંધિત કોઈપણ વિવાદનો ઉકેલ આવશે. સુખી વ્યક્તિત્વ હોવાથી અન્ય લોકો તમારી સાથે સંબંધ બાંધવાનો પ્રયત્ન કરશે. સામાજિક સન્માન મળવાથી તમારું મનોબળ વધશે.

કુંભ : આજનો દિવસ નવી શોધ કરવામાં ખર્ચ થશે. તમે મર્યાદિત અને માત્ર જરૂર મુજબ ખર્ચ કરો છો. તમને જરૂરિયાતના સમયે તમારા પરિવારના સભ્યો તરફથી વધારે સહયોગ નહીં મળે.

મીન : આજે તમને મૂલ્યવાન વસ્તુઓ મળશે, પરંતુ તેની સાથે આવા બિનજરૂરી ખર્ચો પણ સામે આવશે, જે ના કરવા છતાં પણ મજબૂરી હેઠળ કરવું પડશે. સાસરિયા પક્ષ તરફથી તમને સન્માન મળશે. ઉતાવળમાં કોઈ નિર્ણય ના લો, નહીંતર મુશ્કેલી આવી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# વ્યાજખોરોના દૂષણને નાથવા દાહોદ જિલ્લામાં વ્યાપક ઝૂંબેશ



દાહોદ,
મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં વ્યાજખોરોના દૂષણને નાથવા માટે એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત દાહોદ જિલ્લામાં પણ અનેક લોકોને વ્યાજખોરોની ચૂંગાલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. વ્યાજખોરો સામેની ઝુંબેશમાં અનેક લોકોએ દાહોદ પોલીસનો સંર્પક કર્યો હતો. આ લોકોને વ્યાજખોરો સામેના દૂષચક્રમાંથી મુકત કરવામાં આવ્યા અને વ્યાજખોરો સામે પોલીસે કડક પગલાં લીધા છે.

દાહોદના જયેશ અગ્રવાલ વ્યાજખોરોના જાળમાં ખૂબ ખરાબ રીતે ફસાયા હતા. તેમની પાસેથી ત્રણથી ચાર ગણા રૂપીયા પડાવી લીધા પછી પણ સતત તેમને હેરાન કરવામાં આવી રહ્યાં હતા. જયેશભાઈએ દાહોદ પોલીસનો સંર્પક કરતા પોલીસે તુરત જ કાર્યવાહી કરીને ફક્ત બે કલાકમાં જ વ્યાજખોરોને ઝડપીને સળીયા પાછળ ધકેલી દીધા હતા.

જયેશ અગ્રવાલ જણાવે છે કે, વ્યાજના દૂષણમાં ખૂબ લાંબા સમયથી હેરાન થઇ રહ્યો હતો. મારી પાસેથી ત્રણ થી ચાર ગણા પૈસા લેવા છતા વારંવાર મને ટોર્ચર કરાતો હતો. મારી વિરૂદ્ધ દાહોદ કોર્ટમાં ૧૩૮ અંતર્ગત ફરીયાદ કરાઇ હતી. આવા સમયે મે દાહોદ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસનો આ બાબતે ખૂબ સારો સહકાર મળ્યો હતો અને ફકત બે કલાકમાં જ એ માણસને ઝડપી પાડયો હતો.

તેઓ જણાવે છે કે, કોઇ પણ વ્યકિત વ્યાજના દૂષણમાં ફસાયેલો હોય તો તેણે અવશ્ય પોલીસનો સંપર્ક કરવો જોઈએ. રાજય સરકાર દ્વારા અત્યારે વ્યાજખોરો વિરૂદ્ધ ખૂબ સારૂ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. મારા જેવા અનેક લોકોને વ્યાજખોરોની ચૂંગાલમાંથી મુક્ત કરવાના અભિયાન બદલ મુખ્યમંત્રી, ગૃહ રાજયમંત્રી અને જિલ્લા પોલીસ તંત્રને ધન્યવાદ પાઠવું છું.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા જણાવે છે કે, ગુજરાત સરકાર દ્વારા પ્રજાલક્ષી નિર્ણય અંતર્ગત વ્યાજખોરોના દૂષણને ડામવા માટે જિલ્લામાં એક અભિયાન સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે. ગત જાન્યુઆરી મહિનામાં એક વ્યાજખોરો સામેના અભિયાનમાં જિલ્લામાં એકવીસ જેટલા કેસો નોંધવામાં આવ્યા હતા અને વ્યાજખોરોને જેલના સળીયા પાછળ ધકેલી દેવાયા હતા.

તેઓએ ઉમેર્યું કે, આ અભિયાન અંતર્ગત ફેબ્રુઆરી મહિનામાં લોન મેળાનું પણ આયોજન કરાયું હતું અને અંદાજે રૂ. ૩ કરોડ જેટલી લોન પણ આપવામાં આવી છે. ગામે ગામ લોકદરબારનું આયોજન કરાયું છે. જેમાં લોકોની રજૂઆતો સાંભળીને વ્યાજખોરો સામે કડકમાં કડક પગલા લેવામાં આવ્યા છે. સંસ્થાગત લોન લેવા માટે લોકોને સમજ અપાઈ છે. આ અભિયાન ફક્ત એક બે મહિનાનું નથી પરંતુ સતત ચાલશે. કોઈ પણ વ્યક્તિ વ્યાજખોરોથી પરેશાન હોય તો દાહોદ પોલીસનો સંપર્ક કરી શકે છે. અમારા દ્વારા તાત્કાલિક તે વ્યક્તિને સહાય કરાશે.

# દાહોદ જિલ્લા મથકની મહત્વની ગણાતી કચેરી પાસે વાહન પાર્કિંગના બનેલ શેડ આગળ કાંટાળી વનસ્પતિનું રાજ : વાહન મુકવા યક્ષ પ્રશ્ન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લા મથકની મહત્વની ગણાતી કચેરી પાસે વાહન પાર્કિંગના બનેલ શેડ આગળ કાંટાળી, ઝાંડી-ઝાંખરાએ સામ્રાજ્ય સર્જતા અહીં કામકાજ અર્થે આવતાં વાહન ચાલકોને પોતાના વાહન પાર્ક કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

દાહોદ જિલ્લા મથકની મોટાભાગની તમામ કચેરીઓ છાપરી ખાતે આવેલ છે અને જિલ્લાના તમામ લાભાર્થી સહીત શિક્ષિત વર્ગ અને સામાન્ય આમજનતા પણ જરૂરી સરકારી કામે દાહોદ આવતા જતા હોય છે. જેમની પાસે મોટરસાયકલ અથવા ફોર વહીલ ગાડી છે. તેવા લોકોને પોતાનું વાહન પાર્કિંગ કરવા માટે જિલ્લા પંચાયત તેમજ કલેક્ટર કચેરી પ્રાંગણમાં વિશાળ પાર્કિંગ શેડ સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે અને આ જગ્યાએ કોઈપણ વ્યકિત પોતાનું વાહન પાર્ક કરીને કોઈપણ કચેરીમાં સરકારી કામે જતા હોય છે.

પરંતુ કલેકટર કચેરી બહુમાળીની નજીકમાં ગ્રાહક સુરક્ષા ફોરમ અને સમાજ કલાયણ અધિકારી વિક્સતી જાતિ ની એમ બે કચેરીઓ આવેલી છે અને આ બન્ને કચેરી આગળ રોડની સાઈડમાં વાહન પાર્કિંગ માટે પતરાનો મોટો શેડ બનાવવામાં આવેલ છે. વાહન પાર્કિંગ કરવા માટે આ જગ્યા એ વાહન લઈ જવું પણ હવે અઘરૂં બન્યું છે, કારણ કે વાહન પાર્કિંગના આ શેડ આગળ કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરા ઉગી નીકળતા વાહન પાર્કિંગ કરવા જતા કદાચ પંક્ચર થવાની શક્યતા રહેલી છે. જિલ્લા મથકની મહત્વની ગણાતી આ કચેરીઓમાં દરરોજ સરકારી કામે કર્મચારીઓ સહીત માણસો આવતા હોય છે અને વાહન પાર્કિંગ માટે મુશ્કેલી સર્જાતી હોય છે.

આમ દાહોદ જિલ્લા મથકની મહત્વની કચેરીઓ આગળ વાહન પાર્કિંગ માટે સરકાર તરફથી અપાયેલ સુવિધા અંગે ધ્યાન દોરવામાં આવે તે જરૂરી છે.

# દે.બારીયા શહેરમાં પીવાનું પાણી પ્રદુષિત અપાઈ રહ્યું છે : આ સમસ્યાનું હલ કયારે અને કોણ કરશે....???


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા શહેર તથા તાલુકાને દાહોદ જીલ્લાનો મોડેલ તાલુકો ઘોષિત કરાયો છે. તેમ છતાં વર્ષોથી પીવાના પાણી પ્રદુષિત અપાઈ રહ્યું છે. તેની કોઈપણ તંત્રને પડી નથી. પાણી દરેક વિસ્તારમાં લગભગ એક કલાક આપવામાં આવે છે. પ્રથમ નળ ખોલતા ૧૫ મીનીટ સુધી કાળું કીચડ સાથે પ્રદુષિત પાણી મળે છે. આ સમસ્યા અંગે અનેક વખત રજુઆતો કરવામાં આવી હતી. તેમ છતાં ખાઈ બદેલા કોર્પોરેટરો તથા નગર પાલિકાનું વહિવટી તંત્ર આ તરફ કોઈ જ ધ્યાન આપતું નથી. તે નકકર હકીકત છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના વિસ્તારોમાં પીવાનું પાણી અપાઈ રહ્યું છે. તે પ્રદુષિત છે તે માટે કોણ જવાબદાર છે તે યક્ષ પ્રશ્ન છે. સામે આવતા કારમા ઉનાળાની સીજનમાં પીવાના પાણીની માંગમાં વધારો નોંધાશે. જેથી હાલમાં જે પીવાનું પાણી પ્રદુષિત અપાય છે. તેના ઉપર જીલ્લા અને તાલુકાના વહિવટી તંત્ર ગંભીરતા સાથે નોંધ લેશે ખરાં ? જુની અને જાણીતા પ્રદુષિત પાણીની સમસ્યાના કારણે શહેરમાં રોગચાળો વકર્યો છે. શરદી, તાવ, અછબડા, ઓરી જેવા જીવલેણ રોગોમાં ધરખમ વધારો થયો છે. જ્યારે પથરીના દર્દીઓ તો શહેરમાં ૬૦ ટકા જેટલા છે. વોટર્સવર્કનું ફિલ્ટર મશીન પ્લાન્ટ શોભાના ગાંઠીયા સમાન સાબિત થયો છે. નલ સે જલની મબલખ ગ્રાન્ટ આવે છે. તે કયાં ખર્ચ કરી નાખી કે પછી બીલો બતાવી દેવાયા તે અંગે શહેરની આમ જનતા પૂછી રહી છે.

હાલમાં શહેરના મુખ્ય વિસ્તારો સ્ટેશન રોડ, બજાર સેઢી ચબુતરા, શેરી હોળી ચકલા, રેટીયા પોળ, કસ્બા તેમજ પારેખ શેરી, ખોખા બજાર, ડેરી ફળીયા આ તમામ વિસ્તારોમાં પ્રદુષિત પાણી કાદવ-કીચડ સાથે અપાય છે. તે માટે કોણ જવાબદાર ગણાશે, તે શહેરજનોની સમસ્યાને કોણ અને કયારે દુર કરાશે તે આવનારો સમય બતાવશે.

# દાહોદના જિલ્લા વિકાસ અધિકારી તરીકે પદભાર સંભાળતા ઉત્સવ ગૌતમ




દાહોદ,
દાહોદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ઉત્સવ ગૌતમે ગત તા. ૩ એપ્રીલે પદભાર સંભાળી લીધો છે. આ અગાઉ તેઓ ગુજરાત અર્બન મિશન લાઈવલીહુડ, ગાંધીનગર ખાતે મિશન ડાયરેકટર તરીકે હતા. તેઓનું વતન ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે છે. તેઓ વર્ષ ૨૦૧૮ ની બેચના આઈએએસ અધિકારી છે. તેમણે પોતાનો પ્રોબેશન પીરીયડ ભાવનગરમાં પૂર્ણ કર્યો છે. તેઓ આસીસ્ટન્ટ કલેકટર તરીકે અમરેલીના લાઠી ખાતે પણ કામગીરી કરી છે.

# ગરબાડા મીનાકયાર ચેકપોસ્ટ ઉપર ઓવરલોડ ત્રણ વાહનો ડીટેઈન કરાયા


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડાની મીનાક્યાર ચેકપોસ્ટ ઉપરથી ઓવરલોડ ખાટલાભરી પસાર થતા બે છોટા હાથી ટેમ્પો ગરબાડા પોલીસે ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

ગરબાડાની મીનાચાર ચેકપોસ્ટ ઉપરથી તા.૩ ના રાત્રિના ૧૧:૦૦ વાગ્યાના અરસામાં દાહોદ તરફથી મધ્યપ્રદેશના આઝાદ નગર તરફ ઓવરલોડ ખાટલા ભરીને જતા બે છોટા હાથી ટેમ્પો મીનાક્યાર ચેકપોસ્ટ ઉપરથી પસાર થતા હતા. તે દરમિયાન ગરબાડા પોલીસ દ્વારા ઓવરલોડ માલ ભરવાની પાસ પરમીટ માંગતા ઓવરલોડ ખાટલા ભરવાની કોઈપણ જાતની પાસ પરમીટ ન હોવાથી ગરબાડા પોલીસે ૨૦૭ મુજબ બંને વાહનો ડીટેન કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ-ગરબાડા હાઈવે પર નવા માર્ગની કામગીરી દરમિયાન ૨૮૧ વૃક્ષો કપાશે

ગરબાડા,
દાહોદ-ગરબાડા નેશનલ હાઈવે નં-૫૬ પર નવા માર્ગ કામગીરી દરમિયાન ૨૮૧ વૃક્ષો કાપી નાંખવામાં આવનાર છે. પરંતુ હાલ વૃક્ષો કાપવાની કામગીરી શરૂ કરવામાં આવી નથી. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ-ગરબાડા નેશનલ હાઈવે નં-૫૬ના નવા ડામર રોડની કામગીરી સપ્ટે.માસથી ચાલુ કરવામાં આવી હતી. જે કામગીરી આવનાર સપ્ટે.માસ સુધીમાં પુર્ણ થઈ જશે. જે નવીન રોડ દાહોદથી લઈને મિનાચાર બોર્ડર સુધી ૩૫.૭૭ કરોડના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. જે રોડની કામગીરી દરમિયાન દાહોદથી ગરબાડા થઈ મિનાકયાર બોર્ડર સુધી કુલ ૨૮૧ જેટલા વૃક્ષોને કાપી નાંખવામાં આવશે. તેવુ જાણવા મળી રહ્યુ છે. હાલમાં વૃક્ષો કાપવાની આ કામગીરી ચાલુ કરવામાં આવી નથી. જે કામગીરીની ટેન્ડર પ્રક્રિયા પત્યા બાદ ચાલુ કરવામાં આવશે. પરંતુ જે વૃક્ષો ઉમંરવાળા મોટા અને ઘટાદાર છે તે વૃક્ષો નહિ કપાય અને શકય બને તેટલા વૃક્ષોને બચાવી લેવાય તેવી લોકોની લાગણી છે. હાલમાં રોડ બનાવનાર કોન્ટ્રાકટર દ્વારા નડતરરૂપ વૃક્ષોને પણ સાવચેતી રાખીને બચાવી લેવામાં આવી રહ્યા હોય તેવી જોવા મળી રહ્યુ છે.

# દાહોદના ગોવિંદનગર વિસ્તારની કૃષ્ણનગર સોસાયટી સહિતની અન્ય સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યાથી લોકો પરેશાન

દાહોદ,
દાહોદ શહેરના ગોવિંદનગર સ્થિત જુના વોર્ડ નંબર ૪ વિસ્તાર એવા કુષ્ણનગર સોસાયટી તથા આસપાસની ચારથી પાંચ જેટલી સોસાયટી મળી ૧૦૦થી ૨૦૦ જેટલા ઘરોમાં છેલ્લા ૦૩ મહિના ઉપરાંતના સમયથી પીવાનું પાણી નહીં મળતું હોવાની લોકબુમ ઉઠવા પામી છે. આ વોર્ડમાંથી ચુંટાયેલા સ્થાનીક પ્રતિનિધિ (કાઉન્સીલર)ના ચુંટણી સંપન્ન થયા પછીની પરંપરા અનુસાર દર્શન દુર્લભ થયાં ટેલીફોનીક રજુઆત કર્યા બાદ લેખીત રજુઆત કરી હોવા છતાં આ વિસ્તારની પીવાના પાણીની સમસ્યા ઠેરની ઠેર રહેવા પામી છે. એટલુંજ નહીં સ્માર્ટ સીટી અંતર્ગત લગાવવામાં આવેલ પીવાના પાણીના મીટરો પણ શોભાના ગાંઠીયા સમાન જોવા મળે છે.

રાજય સરકારની ઘર ઘર નળ અને નલ સે જળ યોજનાને જોતા કૃષ્ણ નગર સોસાયટી તથા અન્ય વિસ્તારમાં પીવાનું પાણી પુરતા પ્રમાણમાં નહીં મળતાં રાજય સરકારની આવી યોજના ફારસરૂપ સાબિત થઈ રહી છે. અગાઉ કૃષ્ણ નગર સોસાયટીથી ૨૦૦ મીટરના દાયરામાં રોડ રસ્તાનું આડેધડ ખોદકામ થતાં ૦૩ સ્થળેથી નગર પાલિકાની પાણીની પાઈપ લાઈનામાં મસમોટા ગાબડા પડયાં હોવાનું અનુમાન લગાવી શકાય છે. જેથી કરીને જુના વોર્ડ નંબર-૦૪ વિસ્તારમાં આવેલ કૃષ્ણ નગર સોસાયટી, સાનિધ્ય ટેનામેન્ટ, તપોવન, સહયોગ નગર વિગેરે વિસ્તારમાં પીવાના પાણીનો સ્ત્રોત જાણી બુઝીને છોડવામાં આવતો નથી કે પછી લાઈનમાં ખામી સર્જાયેલ છે તેની યોગ્ય તપાસ કરી વોટર સપ્લાય વિભાગના અધિકારી તથા ચુંટાયેલા સ્થાનીક પ્રતિનિધિઓએ આ વિસ્તારને સત્વરે પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળે તેવું આયોજન તાત્કાલિક અસરથી કરવાની તાતી જરૂરીયાત વર્તાય રહી છે નહીં તો આવનાર સમયમાં પીવાના પાણીનો પ્રશ્ન વિકટ બનતો જશે.

# દાહોદના ચોસાલા ગામે એક વ્યકિતના મકાનમાં લાગેલ આગની ઘટના : ધારાસભ્ય દ્વારા સરકાર તરફથી સહાય પુરી પાડવાની ખાતરી અપાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકાના ચોસાલા ગામે એક વ્યકિતના મકાનમાં આકસ્મિક આગ લાગતાં આગમાં મકાનનો સંપુર્ણ સરસામાન તેમજ બે પશુઓ બળીને ખાખ થઈ ગયાં હતાં. આ મામલે દાહોદના ધારાસભ્યએ સ્થળનું જાત નીરીક્ષણ કરી ધારાસભ્ય દ્વારા મકાન માલિકને રોકડ રકમ અર્પણ કરી હતી. તેમજ સરકાર તરફથી સહાય પુરી પાડવાની ખાતરી પણ આપી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૪મી એપ્રિલના રોજ દાહોદ તાલુકાના ચોસાલા ગામે રહેતાં રાહુલભાઈ મુડસિંગભાઈ વોહનીયાના મકાનમાં રાત્રીના સમયે આકસ્મિક આગ ફાટી નીકળી હતી. આગે એટલું વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું કે, આગમાં મકાનનો સરસામાન સહિત બે મુંગા પશુઓ બળીને ખાખ થઈ ગયાં હતાં. ઘટનાને પગલે મકાન માલિક રાહુલભાઈને ભારે નુકસાન થયું હતું. આ ઘટનાની જાણ દાહોદના સંવેદનશીલ ગણાતા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીને થતાં તેઓ રાહુલભાઈ તથા તેમના બળી ગયેલા મકાનની મુલાકાતે પહોંચી ગયાં હતાં. ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ બળી ગયેલ મકાનનું જાત નીરીક્ષણ કર્યું હતું. મકાન માલિકીની વ્યથા જોઈ કનૈયાલાલ કિશોરીએ રાહુલભાઈના પરિવારને સ્થળ પરજ પોતાની તરફથી રોકડ રકમની સહાય પુરી પાડી હતી અને સરકાર તરફથી જરૂરી સહાય પુરી પાડવામાં આવશે તેવી ખાતરી પણ મકાન માલિકને આપવામાં આવી હતી.

# ગરબાડાના અભલોડ ગામે થી મળી આવેલ મૂકબધીર અસ્થિર મગજની યુવતીને તેના પરિવાર સાથે મિલન કરાવતી જેસાવાડા પોલીસ



ગરબાડા,
ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ. એન.એમ રામી તેમજ પોલીસ સ્ટાફના માણસો જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન રાત્રિના બે વાગ્યાના સુમારે તાલુકાના અભલોડ ગામે રોડ ઉપર એક છોકરી મળી આવી હતી. જે મૂકબધીર હોય તેમ જ માનસિક અશ્વસ્થ હોવાનું જાણવા મળતા તેને લેડીઝ પોલીસ સ્ટાફ સાથે રાખી જેસાવાડા પોલીસ મથકે લાવી પૂછપરછ કરતા કઈ જણાવ્યું ન હતું. પરંતુ તેના પિતાનો મોબાઈલ નંબર યાદ હોવાનો જણાવતા એક કાગળમાં પોતાના પિતાનો નંબર લખી આપતા પોલીસ દ્વારા તેનો સંપર્ક કરતા તેના પિતાએ જણાવ્યું હતું કે, તેઓની છોકરી છે અને ગઈકાલે અમદાવાદ ખાતેથી ગુમ થયેલ છે. જે બાબતે મૂકબધીર યુવતીના પરિવારના લોકોને જેસાવાડા પોલીસ મથકે બોલાવી જરૂરી કાર્યવાહી કરી અને તેમના પરિવાર તે મૂકબધિર યુવતી તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. જેમાં છોકરીના પરિવારના દ્વારા તેને મૂકબધીર યુવતીને ઈશારામાં પૂછતા પૂછપરછ કરતા મૂકબધીર યુવતીએ જણાવ્યુંહતું કે, તે બસમાં બેસી અને સૂઈ ગઈ હતી અને તે અમદાવાદથી અહીંયા કેવી રીતે પહોંચી તે તેને યાદ નથી. આમ, જેસાવાડા પોલીસે અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલ મૂકબધીર અસ્થિર મગજની પ્રિયાબેનને તેના સગા સંબંધીઓને ખાતરી કરી તેના ભાઈ તથા કાકાને સોંપી પરિવાર સાથે ભેટો કરાવી અને પ્રશંસનીય કામગીરી કરતી ગરબાડા તાલુકાની જેસાવાડા પોલીસ.

# ફતેપુરાથી બટકવાડા-સંતરામપુરનો રોડ બિસ્માર બનતા વાહનચાલકોને હાલાકી

ફતેપુરા,
ફતેપુરાથી વાયા બટકવાડા ઉખરેલી સંતરામપુર તરફ જવાના માર્ગમાં ઠેર ઠેર મોટા ખાડાઓ પડી જતા મુસાફર સહિત રસ્તે પસાર થતાં લોકોને વાહન ચાલકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. ફતેપુરાથી વાયા બટકવાડા સંતરામપુરના ૨૦ કિ.મી.ના માર્ગમાં અનેક જગ્યાઓ પર મોટા ખાડાઓ ડામર રોડમાં પડી જવા પામ્યા છે. રસ્તામાં પડેલ ખાડાઓનુ સમારકામ હાથ ધરવામાં ન આવતા પસાર થતાં વાહનચાલકોને અનેક મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ફતેપુરાથી વાયા ઉખરેલી સંતરામપુરના સીંગલપટ્ટી રોડ તેમાં અનેક જગ્યા ઉપર અકસ્માત નોતરે તેવા વળાંકો એમાંય મસમોટા ખાડાઓ અને તુટેલા રસ્તાને લઈને લોકો સરકાર તેમજ વહીવટી તંત્ર પ્રત્યે રોષની લાગણી વ્યકત કરી રહ્યા છે. જવાબદાર સરકાર તેમજ વહીવટી તંત્ર દ્વારા ફતેપુરાથી વાયા ઉખરેલી સંતરામપુરને જોડતો રોડમાં રસ્તાનુ સમારકામ કરવામાં આવે અકસ્માત નોતરે તેવા વળાંકો દુર કરાય સાથે ડબલ ટ્રેક ડામર રોડનુ નિર્માણ કરાય તેવી આ વિસ્તારના લોકોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ગરબાડા પોલીસે મીનાક્યાર બોર્ડર ઉપરથી રિક્ષામાં લઈ જવાતા વિદેશી દારૂ સાથે ખેપીયાને ઝડપ્યો

ગરબાડા,
ગરબાડા પોલીસ મથકના પીએસઆઇ જે એલ પટેલ તેમજ તેમના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગ દરમિયાન મિનાંક્યાર બોર્ડર ઉપર ચેકીંગ હતા અને ગરબાડા પોલીસને મળેલી બાતમીના આધારે મધ્યપ્રદેશના સજાવાળા તરફથી ઓટોરિક્ષા નંબર GJ-6-AV-0912 આવતા પોલીસે તેને રોકાવી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા ટીનબિયર કુલ ૧૯૦ બોટલો મલી આવી હતી. જેથી પોલીસે ૩૬,૯૬૪/- રૂપિયાના વિદેશી દારૂ ટીન બિયરનો જથ્થો એને રીક્ષા કબજે કરી કુલ રૂપિયા ૭૬,૯૬૪-/ ના મુદ્દામાલ સાથે દાહોદના નસીપુરના નિતેશ રાયસીંગ પરમારને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



હનુમાન જયંતીના મહાપર્વને લઈને ગરબાડા નગરમાં આવેલ શ્રી કષ્ટભંજન દેવને સુંદર ચોળો ચઢાવવામાં આવ્યો છે. તેમજ હનુમાન જયંતિના આ શુભ પર્વ પર દર વર્ષેની જેમ આ વર્ષે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમ સમૂહમાં હનુમાન ચાલીસા પાઠ તેમજ જાહેર ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.191

# હાલોલ નગરમાં રખડતા શ્વાનોએ ૫ વર્ષીય બાઈક ઉપર હુમલો કરી બચકાં ભરતાં સારવાર માટે વડોદરા ખસેડાયો



પરિવારના છ વર્ષના બાળક પર પાંચ શ્વાનોએ હુમલો કર્યો

હાલોલ,

હાલોલ નગરમાં રખડતા શ્વાનોએ એક બાળક ઉપર જીવલેણ હુમલો કરી બચકા ભરી લેતા બાળકને સારવાર માટે વડોદરા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ૨૪ કલાકની સારવાર પછી પણ બાળકની વધુ સારવાર ચાલી રહી છે. હાલોલના એક મકાનમાં રહેતા હતો. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા બાળકને સારવાર માટે વડોદરા લઈ જવાયો હતો. હાલોલ નગરમાં દિવસેને દિવસે રખડતા શ્વાનનો આતંક વધી રહ્યો છે. ત્યારે ગતરોજ આવા જ કેટલાક શ્વાનોએ એક બાળકને બચકાં ભરી લેતા બાળક ઘવાયો હતો. હાલોલમાં રહેતા એક પરિવારના છ વર્ષના પુત્રને કેટલાક શ્વાનોએ બચકાં ભરી લેતા તેને સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બાળકના પિતા કામ અર્થે નોકરી પર હોવાથી તેઓ ઘરે ન હતા અને બાળક ઘરે રમી રહ્યો હતો. ત્યારે ગત સાંજે ચારેક કલાકે દાદા આવ્યા હોવાનું લાગતા તે દોડીને દાદાને મળવા ગયો હતો.

બાળકના પિતા કામ અર્થે બહાર હતા. જેથી તેમની માતાની તબિયત ઠીક ન હોવાથી તેઓના પિતા દવાખાને વડોદરા ગયા હતા. સાંજે તેઓ પરત આવ્યા હોવાનું બાળકને લાગતા તે દોડીને દાદા આવ્યાની બૂમ મારી બહાર દોડ્યો હતો, પરંતુ દાદા આવ્યા ન હતા એટલે તે પરત ફરી રહ્યો હતો. ત્યારે ઘર બહાર પાંચેક શ્વાનોએ યુવરાજ ઉપર હુમલો કરી દેતા તે ગંભીર રીતે ઘવાયો હતો. બાળકને ગુપ્તાંગના ભાગે અને ડાબા પગમાં બચકાં ભરી લેતા તેને સારવાર માટે વડોદરા ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ૨૪ કલાક સારવાર પછી યુવરાજ સ્વસ્થ છે, પરંતુ ગુપ્તાંગના ભાગે ઈજાઓ થતા ડોક્ટરોએ હજી સોનિગ્રાફી અને અન્ય રિપોર્ટ કરાવી સારવાર કરી રહ્યા હોવાની વિગતો બાળકના પિતાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવી છે.




## ગોધરા વ્હોરવાડ વિસ્તારમાં ગોડાઉન માંથી ઈલેક્ટ્રીક સામાનની ચોરીના મુદ્દામાલ અને ચોરીમાં વાપરેલ વાન મળી ૨.૩૪ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને એલ.સી.બી.પોલીસે ઝડપ્યા



ગોધરા,

ગોધરા વ્હોરવાડના ઢાળમાં મેશરી નદી નજીક આવેલ બંધ મકાનમાં આવેલ ગોડાઉન માંથી ઈલેકટ્રીક પંખા અને સરસામાનની ચોરીની ફરિયાદ નોંધાયલ હોય ત્યારે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, ઈલેકટ્રીક સરસામાની ચોરી કરેલ મુદ્દામાલ વાનમાં સગેવગે કરવાની પેરવી હોય તેવી બાતમીના આધારે પોલીસે વાસાપુર ગામે ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી ત્રણ ઈસમોને ૨,૩૪,૩૨૧/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વ્હોરવાડ મેશરી નદી નજીક બંધ મકાનમાં આવેલ ગોડાઉન માંથી ઈલેકટ્રીક સામાનની ચોરીની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ હોય ત્યારે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ગોડાઉનમાં ઈલેકટ્રીક ગોડાઉનમાં થયેલ ચોરી ગેનીની વાડી પાસે રહેતા ઓવેશ આરીફ ભોયુ અને તેના સાગરીતો કરેલ છે. ગોડાઉન માંથી ચોરી કરેલ ઈલેકટ્રીક સામાન, મારૂતીવાન જીજે.૧૭.એજી. ૬૩૪૧મ ભરીને સગેવગે કરવા ગોધરા સિગ્નલ ફળીયા થી નિકળી રેલ્વે ગળનાળા થઈ વાસાપુર ગામ તરફ જનાર છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે નાકાબંધી કરી આરોપીઓ સલમાન ઈદ્રીશ ખાતુડા, મોહમદ ઈસ્માઈલ સુલેમાન, શાહનવાઝ યુનુસ સિદ્દીક શેખને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી ઈલેકટ્રીક અલગ અલગ કંપનીના સીલીંગ પંખા નંગ-૬૧, સીલીંગ મશીન, વાયરલેસ મ્યુઝીક સ્પિકર ચાર્મબલ ઈમરજન્સી લાઈન મળી ૧,૮૧,૩૨૧/-રૂપીયા અને મારૂતીવાન મળી કુલ ૨,૩૪,૩૨૧/-રૂપીયાના મુદ્દામાલ કબજે લેવામાં આવ્યા અને બી ડીવીઝન પોલીસ મથકનો ચોરીનો ભેદ ગણતરીના કલાકમાં ઉકેલ્યો.

## શહેરાના કાંકરી-ખરેડીયા રોડ ઉપર અજાણ્યા વાહનની ટકકરે નીલ ગાય ઈજાગ્રસ્ત થતાં વન વિભાગ દ્વારા સારવાર કરાવાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના કાંકરી-ખરેડીયા રોડ ઉપર અજાણ્યા વાહનની ટક્કરે એક નીલ ગાય ગંભીર રીતે ઘાયલ થતાં વનવિભાગ દ્વારા તેને સારવાર માટે લઈ જવામાં આવી હતી. પશુ દવાખાને સારવાર કરાવ્યા બાદ નીલ ગાયની તબિયત સારી હોવાનું વનવિભાગ દ્વારા જાણવા મળ્યું.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના કાંકરી-ખરેડીયા રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે એક નીલ ગાયને અડફેટે લેતા નીલ ગાય ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જેની જાણ શહેરા રેન્જ ફોરેસ્ટ ઓફીસર આર.વી.પટેલને થતાં તેઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ શેખપુર બીટગાર્ડ કે.આર.બારીઆ તેમજ રાઉન્ડ સ્ટાફે સ્થળ પર પહોંચી અજાણ્યા વાહનની ટક્કરે ઘાયલ થયેલ નીલને ખાનગી વાહનમાં શહેરા પશુ દવાખાના ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં પશુ ડોકટર દ્વારા ગંભીર રીતે ઘાયલ થયેલ નીલ ગાયની જરૂરી સારવાર કરવામાં આવી હતી. ત્યારબાદ નીલને પટીયા નર્સરી ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં તેની તબિયત સારી હોવાનું વનવિભાગ દ્વારા જાણવા મળ્યું હતું.

## સેવાશ્રમ/વૃધ્ધાઆશ્રમ અને રેફરલ હોસ્પિટલ/સામુહિક આરોગ્ય કેન્દ્રકાકણપુરની પોલીસ કેડેટની ફિલ્ડ વિઝીટ કરવામાં આવી




ગોધરા,

પંચમહાલ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને રતનપુર પ્રાથમિક શાળા સ્ટુડન્ટ પોલીસ કેડેટ તા.૫/૦૪/૨૦૨૩ના રોજ સેવાશ્રમ/વૃધ્ધા આશ્રમ રેફરલ હોસ્પિટલ/સામુહિક આરોગ્ય કેન્દ્ર કાકણપુરની એસ.પી.સી. બાળકોએ ફીલ્ડ વિઝીટ કરવામાં આવી આ મુલાકાત દરમિયાન વિવિધ માતાઓ વડીલો સાથે વાતચીત દરમિયાન ખૂબ જ ગંભીર વાતો જેવીકે ઘરમાં કાઢી મુકેલા કોઈ રોડ ઉપર છોડીને જતાં રહેલા ઘરમાં આંતરિક ઝગડો કોઈ પરિવારનું સભ્ય નથી. કોઈ વ્યક્તિ શિક્ષક, આર્મી, બિઝનેસ વગેરે જેવા ફરજ બજાવતા હોય તેમનાં માં-બાપ આશ્રમ રહે છે. વાતચીતમાં ઘણા વડીલો આખમાં આશ્રુ નીકળી ગયા હતા. ઘણી માતાઓ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. તેમજ તબીબો દ્વારા દરેક વિભાગમાં થતી કામગીરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જેવીકે પ્રથમ કેસ, દવાઓ, મેડિકલ ચેકઅપ, લોહની તપાસ, તાવ, મેલેરીયા, ગર્ભવતી મહિલાઓ, અકસ્માત સારવાર, કૂતરો, સાપ કરવાળ પ્રથમ સારવાર બાદ હોસ્પિટલમાં થતી ડોકટર સારવાર સમગ્ર માહિતી આપી હતી. બાળકો સાથે મુલાકાત કાયદો અને વ્યવસ્થાનું પાલન કરવા અને નિયમિત તાલીમ લેવા માટે અને જીવનમાં બાળકોને આગળ વધવાની પ્રેરણા અને આશીર્વચન આપ્યા. આચાર્ય ભરતભાઈ પટેલ, Cpo વૈશાલીબેન, સુનિતાબેન પોલીસ, સુનિલભાઈ દરજી, ADI અશોકભાઈ, ગોકળભાઈ પરમાર તેમજ કાંકણપુર પોલીસ સ્ટેશન પી આઈ પી. એમ. જુડાલ એ તમામ બાળકોને તેમજ હોસ્પિટલમાં ડોક્ટર, કર્મચારીઓ, સેવા આશ્રમ રહેતા તમામ માતા-પિતાને શુંભકામના સાથે ધન્યવાદ પાઠવ્યા હતા. તેમજ તેમનાં માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.